Rotary

# ROYAL RESONANCE

THE MAGIC OF ROTARY

An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal

Club No. 82068 | RI District 3060 ▪ Issue No. 8 | February : 2025

**Rtn. Stephanie A. Urchick**
Rotary International President

**Rtn. Tushar Shah**
District Governor

**Rtn. Harikrishna Parekh**
President

**Rtn. Viral Bhavsar**
Secretary

**Rtn. Nirav Doshi**
Bulletin Editor

**Rtn. Gaurav Rathod**
Design



## મોઢા ના કેન્સર માટે ફ્રી નિદાન કેમ્પ

મિત્રો, વર્લ્ડ કેન્સર ડે નાં ભાગ રૂપે ફેબ્રુવરી મહીના માં રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા એક તદ્દન અનોખી પહેલ કરવામાં આવી હતી. આજ ના સમય માં વધતા જતા મોઢા ના કેન્સર સામે આવેરનેસ અને નિદાન માટે રોટરી રોયલ દ્વારા તા ૦૪ ફેબ્રુઆરી થી ૦૮ ફેબરુવરી સુધી ફ્રી નિદાન કેમ્પ અને માર્ગદર્શન નું અયોજન રોટરી રોયલ ક્લિનિક પર કરવામાં આવ્યું હતું. આ કેમ્પ માં અંદાજિત ૩૫ થી ૪૦ લોકો એ મોઢા ના કેન્સર માટે નું નિદાન કરાવ્યું હતું . કેમ્પ માં આધુનિક ટેકનોલોજી ના મશીન દ્વારા તપાસ તદ્દન ફ્રી કરી આપવામાં આવી હતી તથા તેને અનુરૂપ માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું હતું. કેમ્પ દરમ્યાન ૪ થી ૫ દર્દીઓ ને વિષેશ સારવાર માટે રિફર કરવામાં આવ્યા હતા અને આગળ ની સારવાર ની ગોઠવણ કરી આપવામાં આવી હતી. આ કેમ્પ માં ડો. ધૃતિ બેન એ સેવા આપી હતી તેમજ કેમ્પ ને સફળ બનવા માટે અને કેમ્પ ના સંપૂર્ણ અયોજન માટે ક્લબ મેમ્બર રો. જય ભાઈ વાઢેર એ ભારે જહેમત ઉઠાવી હતી.  રો. જય ભાઈ ની મહેનત થી કેમ્પ ખુબ સરસ રીતે સંપન્ન થયો હતો અને સમગ્ર ભાવનગર માં રોટરી રોયલ ના આ કાર્ય ની નોંધ લેવાઈ હતી. ભવિષ્ય માં પણ સ્વાસ્થ્ય ને લગતા વિવિધ કેમ્પ ના અયોજન ની પ્રેસિડેન્ટ રો. હરી ભાઈ અને સેક્રેટરી રો. વિરલ ભાઈ એ ખાત્રી આપી હતી. આ કેમ્પ માં દરરોજ મોટી સંખ્યા માં ક્લબ મેમ્બર્સ અને રોટ્રેક્ટ મિત્રો હાજર રહ્યા હતા.

## પ્રોજેક્ટ HUMF

મિત્રો, આપણી ક્લબ ના નિયમિત સાપ્તાહિક  પ્રોજેક્ટ HUMF અંતર્ગત ફેબ્રુઆરી મહિનામાં આપણી ક્લબ દ્વારા "*નંદ્ઘ ઘર" આંગણવાડી ના 30 જેટલા બાળકો માં પોષ્ટીક આહાર નું વિતરણ કરવામાં આવ્યું હતું. મિત્રો, શિયાળા ની સિજન ને અનુરૂપ ખાસ પ્રકાર ના આહાર નું વિતરણ ક્લબ મેમ્બર્સ ના સ્પાઉસ ને સાથે રાખીને કરવામાં આવ્યું હતુ.આ ચાલુ વર્ષે રોટરી રોયલ દ્વારા દર મહિના ના પ્રત્યેક અઠવાડિયે આ રીતે નંદ ઘર આંગણવાડી ના બાળકો માં પોષ્ટિક આહાર અને વાનગીઓ નું વિતરણ કરવામાં આવ્યું છે.મિત્રો જણાવતા આનંદ થાય છે કે આપણા મેમ્બર્સ ના આર્થીક સહયોગ થી આ પ્રોજેક્ટ ખુબ સારી રીતે ચાલી રહ્યો છે. પ્રેસિડેન્ટ રો. હરિભાઈ અને સેક્રેટરી રો.વિરલ ભાઈ dist તરફ થી મળેલા આ પ્રોજેકટ માં ખૂબ જ ઉત્સાહ ભેર કામ કરી રહ્યા છે. મિત્રો, અત્રે એ પણ ઉલેખનિય છે કે ક્લબ મેમ્બર્સ તથા મિત્રો ના સહયોગ થી પ્રોજેકટ હુંફ દ્વારા આંગણવાડી ના કુપોષિત બાળકો ને નિયમિત રીતે પોષ્ટિક આહાર નું વિતરણ કરી તેમને શારીરિક અને માનસિક રીતે સક્ષમ બનવાનું સુંદર કાર્ય રોટરી રોયલ આ વર્ષે કરી રહ્યું છે અને ભાવનગર માં આ પ્રોજેકટ ની સારી રીતે નોંધ લેવાઈ રહી છે. આંગણ વાડી ના બાળકો ના માતા પિતા પણ રોટરી રોયલ નાં આ પ્રોજેકટ ને ખુબ જ બિરદાવી રહ્યા છે.અંત માં પ્રેસિડેન્ટ રો.હરી ભાઈ અને સેક્રેટરી રો. વિરલ ભાઈ એ આર્થીક સહયોગ આપનાર દરેક મિત્રો તેમજ મેમ્બર્સ નો આભાર વ્યક્ત કર્યો હતો.

PARSHWA
computer media
the house of
DIGITAL product



NEW LAPTOP & DESKTOP
SECONDHAND LAPTOP DESKTOP
CCTV & WI FI CAMERA
COMPUTER ACCESSORIES

128, Madhav Darshan, Waghawadi Road, Bhavnagar - 364001.
+91-9925141232 - 7046555561

## નિરામય પ્રોજેક્ટ પ્રોજેક્ટ




**પ્રોજેક્ટ ચેર -: રો. ડો. ગીરીશ ભાઈ** : રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ, રોટ્રેક્ટ ક્લબ ઓફ SVHMC તથા સ્વામી વિવેકાનંદ હોમીયોપેથી મેડિકલ કોલેજ ના સંયુક્ત સહયોગ થી ફેબ્રુઆરી મહિનામાં ભાવનગર ના વિવિધ વિસ્તારો માં "નિરામય પ્રોજેક્ટ" અંતર્ગત મેડિકલ હેલ્થ ચેક અપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતુ. આ હેલ્થ ચેક અપ કેમ્પ માં વિના મૂલ્યે (સંપૂર્ણ ફ્રી) "રેન્ડમ બ્લડ સુગર( RBS)" તથા બ્લડ પ્રેશર અને જરૂરી પ્રાઇમરી હેલ્થ ચેક અપ જરૂરીયાત મંદ દર્દીઓ ને કરી આપવામાં આવ્યું હતું. તદ ઉપરાંત જરૂરીયાત મંદ દર્દીઓ ને સ્વાસ્થ્ય ને લાગતું જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. ફેબ્રઆરી મહિનામાં "નિરામય પ્રોજેક્ટ" અંતર્ગત આયોજીત જુદા જુદા કેમ્પો ની અંદર અંદાજીત ૨૭૫ થી ૩૦૦ જેટલા દર્દીઓ ની સ્વાસ્થ્ય ને લગતી તપાસ કરી આપવામાં આવી હતી અને હેલ્થ ચેક અપ કાર્ડ પાન આપવામાં આવ્યા હતાં.રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ ના આ કાયમી પ્રોજેકટ ભાવનગર ના જરૂરીયાત મંદ લોકો માટે આશીર્વાદ રૂપ છે . પ્રેસિડેન્ટ રો.હરી ભાઈ આ પ્રોજેક્ટ્સ માં વ્યક્તિગત રીતે રસ લઈ ને સમાજ ના છેવાડા ના લોકો સુધી સ્વાસ્થ્ય સુવિધા પોહચડવા માટે કટિબદ્ધ છે. આ સંદર્ભે ડો. ગીરીશ ભાઈ અને તેમની ટીમ નો ખુબ ખુબ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

## મેરેથોન માં સ્ટેમપિંગ વર્ક

મિત્રો, પ્રતી વર્ષે રોટરી કલબ ઓફ ભાવનગર દ્વારા યોજવામાં આવતી સાઇકલ મેરેથોન માં આ વર્ષે પણ તા ૦૯ ફેબ્રુવારિ રવીવાર ના રોજ આપણી ક્લબ ને ક્રેસન્ટ સર્કલ ખાતે ના બુથ ની ફાળવણી કરવામાં આવી હતી. મેરેથોન ના રૂટ પર થી પસાર થતા તમામ સ્પર્ધકો ને ક્રેસન્ટ સર્કલ ખાતે ના બુથ પર થી રોટરી રોયલ ના મેમ્બર્સ દ્વારા કાર્ડ પર સ્ટેમ્પ મારી ને અદભુત કામગીરી કરવામાં આવી હતી. રવીવાર ના રોજ યોજાયેલી આ મેરેથોન માં અંદાજિત ૨૨૦૦ જેટલા સ્પર્ધકો એ ભાગ લીધો હતો ત્યારે શહેર ના હાર્દ સમા ક્રેસન્ટ સર્કલ પર રોટરી રોયલ ના સભ્યો દ્વારા સફળ રીતે ટ્રાફિક સંચાલન, સ્ટેમ્પિંગ કામગીરી, આગળ ના રૂટ નું માર્ગદર્શન, first-aid kit વગેરે નું આયોજન કર્યું હતું. પ્રેસિડેન્ટ રો.હરી ભાઈ અને સેક્રેટરી રો.વિરલ ભાઈ ના માર્ગદર્શન હેઠળ અંદાજિત ૧૫ થી ૨૦ ક્લબ મેમ્બર્સ અને ૧૦ થી ૧૫ રોટ્રેક્ટ મેમ્બર્સ આ પ્રોજેક્ટ માં જોડાયાં હતાં અને આપણ ને સોંપવામાં આવેલી જવાબદારીઓ ને સુંદર રીતે પૂર્ણ કરી હતી. સાઈકલ મેરેથોન દરમ્યાન રોટરી રોયલ ની વિશેષ કામગીરી ની બધા એ સારી રીતે નોંધ લીધી હતી.

## 49 મી સુદામા ની ઝોળી




રોટરી કલબ ઓફ ભાવનગર રોયલનો કાયમી પ્રોજેકટ સુદામા ની ઝોળી અંતર્ગત સેવા ની સરવાણી સ્વરૂપે 31 પરિવાર ને આશરે રુ.700 ની કિંમતની કિટ (માસિક ખાદ્ય સામગ્રી) નું વિતરણતા. 23/02/25 ને રવિવારે બપોરે 12 કલાકે રોટરી રોયલ ક્લિનિક, સરદાર નગર, ભાવનગર ખાતે કરવામાં આવ્યું હતું.આ પ્રોજેકટ માં મોટી સંખ્યા માં ક્લબ મેમ્બર્સ અને રોટ્રેકટ મિત્રો હાજર રહ્યા હતા. કીટ માં સહભાગી મીત્રો:શ્યામભાઇ મકાતી, સ્વ. રસીલાબેન મહેતા, ભવનેશભાઈ મહેતા, માલતીબેન દાણી, મહેન્દ્રભાઈ છાટબાર, પ્રશાંતભાઇ જાની, ડો. મેહુલ જાની, હીરક મહેતા, વૈભવ વ્યાસ, ડો. નિહાર પૂરી, રિતેશ ઠક્કર, હિતેશ ખંભાતી, ભાવિન કામદાર, પ્રણવ જોશી, ભાવેશ ચોઇથાની, ગીરીશભાઈ પંજાબી, ભાર્ગવસિંહ, ધ્યાન સોનપાલ, પાંખી સોનપાલ, રસિકલાલ કાંતિલાલ શાહ ના સ્મરણાર્થે હ. નેહા વસાણી કો-ઓર્ડીનેટર : - RTN. મલય બધેકા, RTN. વિમલ શાહ

## રોટરી દિવસ ની ઉજવણી

મિત્રો, ૨૩ ફેબ્રુઆરી ને રવીવાર ના રોજ Rotary International નો ૧૨૦ મો જન્મદિવસ રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ધૂમ ધામ થી ઉજવામાં આવ્યો હતો. ૨૩ ફેબ્રુઆરી ના રોટરી દિવસ ની ઉજવણી ના ભાગ રૂપે આપણી ક્લબ દ્વારા ખાસ "સુદામાની જોળી" નું આયોજન કરી 30 થી વધુ જરૂરિયાતમંદ પરિવાર માટે વિષેશ રાશન કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું. વિવિધ દાતા શ્રી ઓ ના સહયોગ થી પ્રોજેક્ટ ચેર રો.મલયભાઈ અને કો - ચેર રો. વિમલભાઈ દ્વારા સમગ્ર પ્રોજેક્ટ ખુબ સારી રીતે પાર પાડવામાં આવ્યો હતો.રોટરી દિવસ ની ઉજવણી ના ભાગ રૂપે પ્રેસિડેન્ટ રો. હરી ભાઈ એ તૈયાર કરાવેલ વિશેષ કેક આપણા ક્લિનિક પર મોટી સંખ્યામાં ક્લબ મેમ્બર્સ ની હાજરી માં કાપવામાં આવી હતી અને પ્રેસિડેન્ટ રો. હરિભાઈ એ હાજર સર્વે મેમ્બર્સ ના મોઢા મીઠાં કરાવ્યા હતા. પ્રેસિડેન્ટ રો.હરિભાઈ એ પોતાના પ્રસંગોચિત ઉદ્બોધન માં હાજર સર્વે ને રોટરી ના સેવા કર્યો માં અને foundation માં તન, મન અને ધન થી જોડાવા ની અપીલ કરી હતી.આ સાથે રો.ભવનેશભાઈ એ રોટરી દિવસ ની ઉજવણી ના ભાગ રૂપે રોટરી ના ઈતિહાસ ની અને વિવિધ કામગીરીઓ ની અવનવી વાતો કરી હતી. આમ આપણી ક્લબ દ્વારા રોટરી દિવસ ની સુંદર ઉજવણી કરવામાં આવી હતી.

## આસિસ્ટન્ટ ગવર્નર વીઝીટ




મિત્રો , ચાલુ રોટરી વર્ષ માં તા ૧૨ ફેબરુવારી ને બુધવાર ના રોજ આપણી ક્લબ ની રેગ્યુલર મિટિંગ માં આસિસ્ટન્ટ ગવર્નર રો. વિરલ ભાઈ ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રો. વિરલ ભાઈ વળીયા એ ખાસ હાજરી આપી અને આપણી ક્લબ ની કામગીરી નો અભ્યાસ કર્યો હતો તેમજ ક્લબ ના વિવિધ પ્રોજેક્ટ્સ અંગે ની માહીતી મેળવી હતી. રો. વિરલ ભાઈ એ તેમના ઉદબોધન માં આપણી ક્લબ ની કામગીરી અને વિવિધ પ્રોજેક્ટ્સ ને તેમજ આપણા TRF અને PHF contribution ને બિરદાવ્યું હતું તેમજ પ્રેસિડેન્ટ રો. હરી ભાઈ અને સેક્રેટરી રો. વિરલ ભાઈ ની સુંદર કામગીરી ને પણ બિરદાવી હતી. તદ ઉપરાંત AG રો. વિરલ ભાઈ એ ક્લબ માટે જરૂરી માર્ગદર્શન અને આગામી પ્રોજેક્ટ્સ ની પણ વાતો કરી હતી.આમ, આપણી ક્લબ માટે ની આસિસ્ટન્ટ ગવર્નર રો. વિરલ ભાઈ ની ખુબ સરસ અને સફળ વીઝીટ રહી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે AG રો. વિરલ ભાઈ એ તેમના ઉદબોધન માં આપણા ક્લબ મેમ્બર્સ રો. ચિરાગ ભાઈ અને રો. વિવેક ભાઈ નો વિશેષ ઉલ્લેખ કર્યો હતો અને તે બને નું સમગ્ર district માં જે પ્રદાન અને યોગદાન છે તેની માટે બિરદાવ્યા હતાં અને તે આપણા બધા માટે ખુબ ગૌરવ ની વાત છે.

## શાળા માં શૈક્ષણિક બેંચો નું વિતરણ



રોટરી કલબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ગ્રામ્ય વિસ્તાર માં શાળા ના વિદ્યાર્થીઓ ને અભ્યાસ માં મદદ રૂપ બનવાના હેતુ થી ભાવનગર ના અંતરિયાળ વિસ્તાર માં આવેલા મોરચંદ ગામ ની સરકારી શાળા માં શૈક્ષણિક બેન્ચો નું વિતરણ કરવામાં આવ્યું હતુ .કેન્દ્રવર્તી શાળા મોરચંદ માં અંદાજિત ૨૦ જેટલી બેન્ચ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટ માં ૮ થી વધુ રોટરી રોયલ ના મેમ્બર્સ અને રોટ્રેક્ટ મિત્રો હાજર રહ્યા હતાં.શાળા ના પ્રિન્સીપાલ તથા શિક્ષકો એ રોટરી રોયલ ના આ ઉમદા સમાજ ઉપયોગી પ્રોજેક્ટ્સ ને બિરદાવ્યો હતો.સમગ્ર પ્રોજેકટ ને સફળ બનવા માટે આપણી ક્લબ ના મેમ્બર રો. પૌરવ ભાઈ એ ભારે જહેમત ઊઠાવી હતી અને રો. પૌરવ ભાઈ ના પ્રયત્નો થી આ સેવા કાર્ય સારી રીતે સંપન્ન થયું હતું.અંત માં પ્રેસિડેન્ટ રો.હરી ભાઈ અને સેક્રેટરી રો. વિરલ ભાઈ એ હાજર સર્વે નો આભાર વ્યક્ત કર્યો હતો અને રો. પૌરવ ભાઈ નો વિશેષ આભાર માન્યો હતો.

## the 4 Way Test

..OF THE THINK WE SAY OR DO

1. Is it the TRUTH?
2. Is it FAIR to all concerned?
3. Will it Build GOODWILL and BETER FRIENDSHIP?
4. Will it be BENEFICIAL to all concerned?

## રેગ્યુલર મિટીંગ :

### રેગ્યુલર કલબ મિટિંગ-૧

તારીખ - ૧૩/૦૨/૨૫ - બુધવાર

સમય - ૮:30 પીએમ

સ્થળ - હોનેસ્ટ રેસ્ટોરન્ટ

### વિગત - AG visit

A G રો.વિરલ ભાઈ વાલીયા એ આપણી કલબ ની કામગીરી અને વિવિધ પ્રવૃતિઓ નો અભ્યાસ આપણી કલબ મિટિંગ માં હાજરી આપી ને કર્યો હતો.

### રેગ્યુલર કલબ miting-૨

તારીખ - ૧૯/૦૨/૨૫ - બુધવાર

સમય - ૮:30 પીએમ

સ્થળ: - હોનેસ્ટ રેસ્ટોરન્ટ વિગત - કલબ મેમ્બર રો. કલ્પેશભાઈ એ current scenario of Gold & Silver ઉપર પોતાનું વક્તવ્ય રજૂ કરેલ હતું.

## HAPPY ANNIVERSARY HAPPY

**February birthday**

* રો. ભાર્ગવ ત્રિવેદી
8 Feb

**February Anniversary**

* રો. ચંદ્ર સિંહ ગોહીલ
1 Feb
* રો. ડો. હર્ષવર્ધન સિંહ જાડેજા
2 Feb
* રો. દીજેન શાહ
3 Feb
* રો. સુમીત અનોવડિયા
4 Feb
* રો. ડો. દર્શન શુક્લ
4 Feb
* રો. ચેતન ટાંક
4 Feb
* રો. રીતેશ ઠક્કર
4 Feb
*રો. જગદીશ પાઠક
6 Feb
*રો. અંકિત ભાદિયદ્રા
6 Feb
*રો. જય વાઢેર
7 Feb
*રો.હસમુખ દવે
7 Feb
*રો. ડો. નરેન્દ્ર મિશ્રા
8 feb
*રો.અજય પઢિયાર
9 Feb
*રો. ધનંજય કુમાર
10 Feb
*રો. જયેશ સોનપાલ
11 Feb
*રો. હાર્દિક ધ્રાંગધ્રારિયા
11 Feb
*રો. ગીતાબેન વાઘાણી
14 Feb
*રો.ડો. ગીરીશ ભાઈ વાઘાણી
14 Feb
*રો. ગૌરવ રાઠોડ.
16 Feb
* રો. કેવિન ચાંપાનેરી.
17 Feb
*રો. સુદિત પંડ્યા
19 Feb
* રો.કાર્તિક ધોળકિયા
19 Feb
*રો. મુકેશ ચૌહાન
19 Feb
* રો. વિરલ ભાવસાર.
22 Feb
*રો. રાકેશ દવે.
23 Feb
*રો. ભાવિન ચુડાસમા
24 Feb

Saurashtra Largest CCTV Surveillance & Technology Provider
CCTV SURVEILLANCE | BIOMETRIC ATTENDANCE & ACCESS CONTROL | SMART HOME & AUTOMATION | CURRERNCY COUNTING | GPS TRACKING | EPABX & COMMUNICATION | INVERTER & UPS | POE SWITCHES & POWER SUPPLY | BILLING MACHINE | WEIGHING SCALE
Trust is the New Currency in Business...
CABLES & ACCESORIES | CONSULTING & SERVICES | AMC & MAINTENANCE
The Name You can Trust
MAX DIGITAL & SERVICES
98254 52543
98242 06864
1st Floor, Radheshyam Chambers, Near Gruhlaxmi, Haluriya Chowk, Bhavnagar-364 001. maxdigitalandservices@gmail.com www.maxdigitalandservices.com